अर्हं

श्रीमद् विजयधर्मसूरिभ्यो नमः

तपोधर्म सिद्धि अने पारणाविधि निबंध.

(लेखक—शास्त्र विशारद जैनाचार्य श्रीमद् विजय धर्म सूरे-शिष्यधर्मरत्न.

(रत्नविजय)

प्रकाशक मारवाड सादरी निवासी.

शा. भुरचंद पुनमचंदजी रांका.

आवृत्ति १ ली. प्रत १०००

वीर संवत २४४१ वीक्रम १९७१. सने १९१४.

किंमत वांचन मनन (फ्री)

भेट तरीके मळवानुं ठेकाणु मेसर्स मेघजी हीरजीनी कुं.

जैन बुकसेलर्स पब्लीशर्स पायधुनी— मुंबाई.

श्री 'सत्य विजय' प्रीन्टीग प्रेसमा—शा. सांकलचंद हरीलाले छाप्युं—अमदावाद.

૫૨૪૧

જૈન ધર્મનાં તમામ પુસ્તકો મળવાનું એકજ સ્થાન.

મેઘજી હીરજીની કુંપની જેન બુકસેલર.

ક્ષમાપનાનાં
તથા
લક્ષ્મીપૂજનનાં
ફેન્સી કાર્ડ
કંકોત્રીઓ
મળવાનું
મુખ્ય સ્થાન
મેઘજી હીરજી
ની
કંપની છે
એમ જન સમુદાય
નું કહેવું છે.

વાર્તાવૃક્ષ

આ નહિ વાંચેલું
વાંચશો નહિ અનુ-
ભવેલું અનુભવશો
નહિ જોયલું જોઇશો
રસીક અદ્ભૂત વાર્તા
ઓનું આ અમૂલ્ય
પુસ્તક ખાસ વાંચો-
કિંમત બાર
આના.

મેઘજી હીરજીની કુંપની જેન બુકસેલર

પાયધુની નં. ૫૬૬ મુંબઇ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ५२५१ वर्गांक
पुस्तकनु नाम तपोधर्म सिद्धि अने पारणाविधि निबंध
विषय ५२१:६२२

अर्हं

શ્રીમદ્ વિજયધર્મસૂરિભ્યો નમઃ

તપોધર્મ સિદ્ધિ અને પારણાવિધિ નિબંધ

(લેખક—શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય ધર્મ સૂરિ-

શિષ્યધર્મરત્ન.)

(રત્નવિજય)

શ્લોક.

नत्वा श्रीमन्महावीरं, तपोवीरं तपोनिधिम्
शास्त्रविशारदाचार्य–धर्मसूरिं गुरुं तथा ॥ १ ॥
मुमुक्षूणां तपोधर्म, सिद्धिपाठनिदर्शनम्;
निबंधं प्रकटीकुर्वे, पारणाविधि–ख्यापकम् ॥ २ ॥
श्रुत्वा ज्ञात्वायमालोक्य, तपोधर्मपरायणाः
सौहित्यसुखभाजः स्युः तपःसुपारणासु च ॥ ३ ॥

ભગવતી સૂત્ર પાંચમું અંગ.

શતક બીજો ઉદ્દેશો પહેલો.

સ્કંધક મુનિએ માસક્ષમણાદિ તપ કીધા तत्पाठः

तत्पाठः

बहुहिं चउत्थ छट्ठट्ठम दसमदुवालसेहिं । मासद्धमासखमणेहिं तवोवि चित्तेहिं अप्पाणं भावेमाणे विहरइ. ॥

અર્થ—ઘણાં કર્યા છે, એક અપવાસ બે અપવાસ, ત્રણ, ચાર, પાંચ, ૫ંદર અપવાસ, અને માસક્ષમણ એટલે ત્રીશ અપવાસ વિગેરે ઘણી તપસ્યા કરી વિચિત્ર પ્રકારની તપક્રિયાવડે આત્માને સ્થિરતા યુકત શીતલીભૂત કરતા રહે છે.

શતક નવમું ઉદ્દેશો તેત્રીશમો.

દેવાનંદા બ્રાહ્મણી જે શ્રી વીરપ્રભુની માતા છે. તથા ઋષભદત્ત બ્રાહ્મણ જે શ્રી વીરપ્રભુના પિતા છે, એ બન્ને વ્યક્તિઓએ શ્રી વીરપ્રભુ સમીપે દિક્ષા લીધી છે. અને સ્કંધક મુનિની જેમ અનેક પ્રકારની તપસ્યા કરી છે. તે સંબંધી પાઠ ઉપર મુજબ.

શતક અગ્યારમું ઉદ્દેશો નવમો.

શિવરાજ ઋષિએ પણ સ્કંધક મુનિની જેમ અનેક પ્રકારની ઉગ્રતપસ્યા કરી છે. માસક્ષમણાદિ તપ કીધા. તે સંબંધી પાઠ ઉપર પ્રમાણે જાણવો.

બારમું શતક ઉદ્દેશો બીજો.

જયંતી શ્રાવિકાએ દેવાનંદાની જેમ ઘણી તપસ્યા કરી.

શતક તેરમું ઉદ્દેશો છઠ્ઠો.

ઉદાયી રાજાએ ઋષભદત્ત મુનિની જેમ ઘણી તપસ્યા કરી છે. સર્વત્ર પાઠ પૂર્વવત્ જ્ઞેય.

ઉવ્વાઇ સૂત્ર પ્રથમ ઉપાંગ.

પ્રથમાધિકારે શ્રી મહાવીરસ્વામિના શિષ્યોનું વર્ણન,

सेकिंतं अणसणे अणसणे दुविहे पन्नत्ते
तंजहा इत्तरिए अ आवक हिए अ ।
सेकिंतं इत्तारिए इत्तारिए अणगाविहे पन्नत्ते
तंजहा चउत्थभत्ते छट्ठे भत्ते अट्ठमे भत्ते
दसमे भत्ते बारसमे भत्ते चउदसमे भत्ते सोळसमे
भत्ते अद्धमासिए भत्ते मासिए भत्ते
दो मासीए भत्ते त्ति मासिए भत्ते चउमासिए भत्ते
पंचमासिए भत्ते छ मासिए भत्ते. इत्यादि.

અર્થ—એક અપવાસ, બે અપવાસ, (છટ્ઠ) ત્રણ અપવાસ, (અટ્ઠમ) ચાર, પાંચ, છ, સાત, આઠ, પદર, ત્રીશ અપવાસ, (માસક્ષમણ) બે મહિનાના સાથે અપવાસ, (બે માસક્ષમણ) ત્રણ માસક્ષમણ, ચાર માસક્ષમણ, પાંચ માસક્ષમણ, અને છ માસ ક્ષમણ, એ મુજબ ઉગ્ર તપસ્યા કરનારા મહાપુરૂષો છે,

છમાસી તપ વીરપ્રભુએ બે વાર કર્યો. તેમ શિષ્યો પણ છ છ માસ તપ કરનારા છે. ઘણા મુનિઓ ઉગ્ર તપસ્વીઓ છે.

જ્ઞાતા અંગ છઠું પ્રથમ અધ્યયન.

મેઘકુમાર મહામુનિએ છટ્ઠ અટ્ઠમાદિ અર્ધમાસ, માસક્ષમણાદિ તપ ક્રિયાવડે આત્માને શીતલીભૂત કીધો.

અધ્યયન સોલમું.

પાંચ પાંડવો અને દ્રૌપદી મહાસતીએ તપ કીધું. તત્પાઠ—

जाव छठ्ठ अठ्ठम दसम दुवालसे हिं, मासद्ध मासखमणे हिं अप्पाणं भावे माणे विहरइ । मासं मासेणं अणिाखित्तेणं तवो कम्मेणं गामाणु गामं दुइज्ज माणा जाव मासखमण पारणाए पढमाए पोरिसीए सज्जायं करेइ । एवंजहा गोयमसामी.

ભાવાર્થ—માસ માસખમણનાં પારણાં નિરંતર ચાલુ કર્યા. એક માસની સાથેજ બીજું માસખમણ થાય તો બ્હેતર છે પણ મહિનાની અંદર પારણુ નજ કરવું. એવો સખ્ત અભિગ્રહ=નિયમ કીધો. શ્રી નેમનાથ સ્વામીને વાંદવા જાય છે. અને રસ્તામાં સાંભ-ળ્યુ કે–શ્રી નેમીશ્વર ભગવાન નિર્વાણ=મુક્તિ પામ્યા; માટે હવે પારણું નજ કરવુ એટલે પાંચે પાંડવોએ શ્રીસિદ્ધાચલ ગિરિરાજ ઉપર બે માસનો સંથારો કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. અને દ્રૌપદીજી ઘણાં વર્ષસૂધી માસક્ષમણાદિ તપ કરી પાંચમે બ્રહ્મ દેવલોકે ગયા.

જ્ઞાતા બીજો શ્રુતસ્કંધ અધ્યયન (૨૦૬)

કાલી મહાકાલી આદિ સાધ્વી ૨૦૬ પાર્શ્વનાથજીની સાધ્વી-ઓએ તપ કીધો પાઠ પૂર્વવત્ જાણવો.

નિર્યાવલિકા. બીજો વર્ગ. અધ્યયન ૧૦ મું.

પદ્મ–મહાપદ્મ ભદ્ર, સુભદ્ર પદ્મભદ્ર પદ્મસેન પદ્મગુલ્મ નલિનિગુલ્મ આનંદ અને નંદન એ દશ મુનિઓએ માસક્ષમણ તપ કીધાં તેનો પાઠ પણ પૂર્વવત્.

નિર્યાવલિકા. ત્રીજો વર્ગ. પ્રથમ અધ્યયન.

અંગતિ નામા મુનિએ માસક્ષમણાદિ તપ કીધા. અંતે આ-સુષ્ય પૂર્ણ કરી ચદ્રવિમાનમાં ચંદ્રપણે ઊત્પન્ન થયો. જ્યોતિષ ઈંદ્રપદ પામ્યો.

અધ્યયન બીજું.

સુપ્રતિષ્ઠ નામા સાધુએ માસક્ષમણાદિતપ કીધાં. અતે મ-રીને સૂર્ય દેવતા થયો. પાઠ પૂર્વવત્

અધ્યયન ત્રીજું.

સોમિલ બ્રાહ્મણ તે પાર્શ્વનાથ સ્વામિને। શ્રાવક તત્પાઠ

तए णं से सोमिले माहणे बहुहिं चउत्थ छट्ठ जाव मासत्तमास खमणेहिं तवो विहाणेहिं अप्पाणं भावे माणे बहुहिं वासाइं समणो वा सगं परियागं पाउणेइ.

અર્થ—ત્યારે તે સોમિલ બ્રાહ્મણે-શ્રાવકે ઘણાં અપવાસ, અ-ર્દ્ધમાસ, માસખમણાદિ કીધાં. અને ઘણાં વર્ષ શ્રાવકવ્રત આરાધી છેવટ મરીને શુક્ર તારો થયો.

અધ્યયન ચોથું.

સોમા નામે સાધ્વીએ માસક્ષમણાદિ તપ કીધાં.

અધ્યયન સાતમું.

દત્ત મુનિએ તપ કીધો. પૂર્વવત્.

અધ્યયન આઠમું.

શિવ મુનિએ તપ કીધા. પૂર્વવત્.

અધ્યયન નવમું.

બળ મુનિએ તપ કીધા. પૂર્વવત્.

અધ્યયન દશમુ.

અનાઘૃત મુનિએ તપ કીધા. પૂર્વવત્.

નિર્યાવલિકા. વર્ગ ૪ થો. અધ્યયન ૧૦ મો.

શ્રીદેવી હ્રીદેવી ધૃતિદેવી કીર્તિદેવી બુદ્ધિદેવી લક્ષ્મીદેવી. ઇલાદેવી સુરાદેવી સરસ્વતી દેવી ને ગધ દેવી આ દશ દેવીઓએ પૂર્વ જન્મમાં સાધ્વીઓ હતી ત્યાં માસક્ષમણાદિ તપ કીધો. પાઠ પૂર્વવત્.

નિર્યાવલિકા. વર્ગ ૫ મો અધ્યયન ૧૨ મું.

નિષધ કુમાર મહાનિષધ કુમાર અનિવાહ વાહ પ્રગતિ યુક્ત દશરથ દઢરથ મહાધનુ શતધનુ દશધનુ ને સત્યધનુ એ બાર રાજકુમાર છે. તેઓ બળભદ્રના પુત્રો છે. તે શ્રી નેમનાથજીના શિષ્યો થયા; તેઓએ પૂર્વભવમાં માસક્ષમણાદિ તપ કીધા તથા આ ભવમાં માસખમણાદિ તપ કીધા અને આવતા જન્મમાં પણ માસક્ષમણાદિ તપ કરશે ત્રણે જન્મમાં ૩૬ સૂક્ત છે. સર્વત્ર પાઠ પૂર્વવત્

વિપાક સૂત્ર, અંગ ૧૧ મું.

બીજો શ્રુતસ્કંધ અધ્યયન ૧૦ મું.

સુબાહુ ભદ્રનંદી સુજાત સુવાસવ જિનદાસ ધનપતિ મહાબળ ભદ્રનંદી મહાચદ્ર ને વરદત્ત એ દશ સુખ વિપાકીયા કુંવરો છે તેઓ શ્રી વીરપ્રભુના શિષ્ય થયા. માસ ખમણાદિ તપ કીધા પાઠ પૂર્વવત્ સુબાહુકુમાર પૂર્વભવમાં સુમુખ ગાથાપતિ હતા. ત્યાં ધર્મઘોષસૂરિના શિષ્ય સુદત્ત નામે તપસ્વી મુનિ છે, તે નિરંતર માસ માસખમણનાં પારણા કરે છે. તત્પાઠ.

मासे मासेणं खममाणे विहरइ, मासखमण

पारणगंसी पढमाए पोरिसीए सज्जायं करेइ जहा गोयमसामी.

ઇત્યાદિ.

કલ્પસૂત્રસુબોધિકા.

ઋષભદેવ પ્રભુએ વર્ષી તપ કીધો. તત્પાઠ

ततस्तेनरसेन भगवता, सांवत्सारिकतपःपारणा कृता

તેમજ આવશ્યકનિર્યુક્તિમાં પાઠ.

અર્થ—ત્યારે ઋષભદેવે તે શેલડીના રસનુ વર્ષી તપનુ પારણું કર્યું. તથા ઋષભચરિત્ર પાઠ.

इत्थं स्थितस्य ध्यानेन तस्यैको वत्सरो ययौ

विनाहारं विहरतो वृषभस्वामिनो यथा.

અર્થ—ઋષભદેવના પુત્ર બાહુબલિજીએ ધ્યાનારૂઢ કાઉસ્સગ્ગ કર્યો. એમ કાઉસ્સગ્ગમા રહેતાં એક વર્ષ ચાલ્યુ ગયું. રૂષભદેવ સ્વામિની જેમ આહાર પાણી વિના વર્ષી તપ થયુ.

શ્રીમહાવીર સ્વામિએ તપસ્યા કરી શ્રીકલ્પસૂત્રસુબોધિકા પાઠ.

ते चैवं एकं षड्मासक्षमणं द्वितीयषड्मासक्षमणं

पंचादिनन्यूनं । नवचातुर्मासक्षपणानि द्वेसार्द्धैक

मासक्षपणानि द्वादश मासक्षपणानि द्वासप्ततिपक्षक्षपणं.

ઇત્યાદિ.

ભાવાર્થ—એક છમાસી, એક પાંચ માસ પચવીશ દિન, નવ ચોમાશી બે ત્રિમાસી, બે અઢીમાસી, છ બેમાસી, બે દોઢમાસી, બારમાસ ખમણા, ને બોહોંતેર પાસખમણા (૫૬૨ ઉપવાસ)

વળી મહાવીર સ્વામીએ પૂર્વજન્મમાં નંદન રાજર્ષિનામા સાધુ હતા, ત્યારે માસખમણનાં પારણા કર્યા.

આવશ્યક નિર્યુક્તિ સૂત્રપાઠ.

पवइज्ज पुट्टिलेय सय सहस सव्वत्थ मास भत्तेणं ।

पुप्फुत्तरे उववन्नो तओ चूओ माहण कुलंभि ॥ १ ॥

અર્થ—નંદન રાજાએ શ્રી પોટ્ટિલાચાર્યે સમીપે સંજમ લીધું. અને લાખ વર્ષ સુધી માસ માસખમણનાં પારણાં કીધાં. કુલ માસખમણ સખ્યા (૧૧૮૦૫૦૦) અગીઆરલાખ એંશી હજારને પાંચસે ઉપરાંત પચીસ ઉપવાસ ઉપર પ્રમાણે માસખમણાં કીધાં.

वर्षशतसहस्त्रयावत् इति कथं

सर्वत्र मासभक्तेनेत्ति, अतवरतमासो पवासेनेति

ભાવાર્થ—શત્રુંજય મહાત્મ્યમાં કહ્યુ છે કે–અજિતનાથ પ્રભુ ચોમાસુ કરી રહ્યા તે ચારે માસ અપવાસ કરીને ધ્યાનમાંજ રહ્યા. તત્પાઠ.

मंडपस्वामिने चक्रुस्तत्रोत्तंगंसूरीश्वराः

तत्र ध्यानात् जगत्स्वामी, चातुर्मासी मलंधवन्

તથા શાતિનાથ પ્રભુ પણ અજિતનાથજીની પેઠેજ ચોમાસુ રહ્યા. તત્પાઠ—

मरुदेवांकिते श्रृंगे, स्वामि सूरगणैं र्वृतः

अजितस्वामिवन्मासां, श्चतुरोप्यत्यवाहयत् .

હવે તપોધર્મના મુખ્ય બાર ભેદ છે. ૧ અણસણ તપ, ૨ ઉણોદરી તપ, ૩ વૃત્તિસંક્ષેપ તપ, ૪ રસ પરિત્યાગ તપ, ૫ કાય

ક્લેશ તપ, ૬ સલીનના તપ, ૭ પ્રાયશ્ચિત તપ, ૮ વિનયતપ, ૯ વૈયાવૃત્ય તપ, ૧૦ સ્વાધ્યાય તપ, ૧૧ ધ્યાનતપ, ને ૧૨ કાયોત્સર્ગ તપ. એ મુખ્ય ભેદ છે તેમાં નવકારશીથી લઇને ઉત્કૃષ્ઠ આજે ૭ માસી તપ હોય છે. નવકારશી કર્યાથી એકસો વર્ષનુ નરકાયુ તૂટે છે. પોરસીથી એક હજાર વર્ષનુ નરકાયુ તૂટે છે. સાઠ પોરસીથી દશહજાર વર્ષનું, પુરિમઢથી એક લાખ વર્ષનુ, એકાસણુથી દશલાખ વર્ષનું, નિવીથી એકક્રોડ વર્ષનુ, એકલઠાણાથી દશક્રોડ વર્ષનુ, એકલ દત્તિથી સોક્રોડ વર્ષનુ, આયબિલથી હજારક્રોડ વર્ષનુ, અને ઉપવાસથી દશ હજારક્રોડ વર્ષનુ નરકાયુ તૂટે છે. માટે આવા અધિકારોથી ખાત્રી થાય છે કે-જૈનમા તપોધર્મને મુખ્ય કારણ-મોક્ષનુ અનતર કારણ કહ્યું છે, તેથી મોક્ષાભિલાષિ જીવો તપ સેવન કરે છે જૈનધર્મમાં વર્ત્તમાન કાળે પણ દર પ્રતિવર્ષ માસખમણાદિ તપ ૩૫-૪૦-૪૫ દોઢમાસ, બેમાસ, અને અઢીમાસ સુધીની ઉગ્ર તપસ્યા ગમે તે દેશમાં, શહેરમાં, કે ગામડામાં પણ જૈનોમાં મોટી તપસ્યા થાય છે. ઉપર પ્રમાણેની તપસ્યાથી પ્રાય કોઇ વર્ષ ખાલી જતુ નથી.

જૈનશાસ્ત્રોમાં તપો ધર્મનુ વિવેચન વિશેષ દેખાય છે. અનેક દાખલા અને દૃષ્ટાંતોવડે તપપ્રકરણ-તપશ્ચર્યા સિદ્ધ થાય છે.

ચોરાશી ગચ્છમાં પણ મુખ્ય ગચ્છ 'તપા' ગણાયો છે. જે ગચ્છમાં જગચ્ચદ્રસૂરિએ યાવજ્જિવ આયંબિલ તપ કર્યો. તે પ્રભાવીક તે ઉગ્રતપવડે ગચ્છનું પ્રથમ નામ મટાડીને તદાકાલથી તપા નામ રાખ્યુ જે વર્ત્તમાન પ્રસિદ્ધપણા માટે પ્રધાનપદ ભોગવે છે. આ ગચ્છમાં ઘણા પુરૂષો નાના પ્રકારની લબ્ધિઓ મેળવી ઉગ્ર તપસ્યાવત થઈ ગયા છે.

હીરવિજયસૂરિજી—આ મહાચાર્યજીને એક ધૃતવિગય સિવાય પાંચે વિગયનો પ્રતિબંધ હતો.

સત્યવિજય પન્યાસે ઘણી તપસ્યા કરીને ક્રિયાઉદ્ધાર કર્યો. તેમની પાટે પરંપરાએ મુખ્ય મુખ્ય પુરૂષો મહા તપસ્વીઓ હતા. ચાલુ વિક્રમની વીશમી સદીમાં અમદાવાદ (રાજનગર) ના ઝવેરીવાડા યા લોહારની પોળે શ્રી મન્મુનિમહારાજ મણિવિજયજી. જેઓ મણીદાદાના ઉપનામથી પ્રસિદ્ધ છે. તેઓએ પોતાની ૮૫ પચાશી વર્ષ જિંદગી પાળી તેમાં નિરંતર ઠામ ચોવિહાર એટલે એકજ વખત આહારપાણી સાથે લેવુ, ઉપરાત વચ્ચે વચ્ચે ઘણા દિવસના અપવાસો કરી ચમત્કારી મહાત્મ્ય મેળવ્યુ હતુ.

તેઓની પાટે શ્રી બુટ્ટેરાયજી [બુદ્ધિવિજયજી.] થયા. તેઓ પણ ભારે ઉગ્ર તપસ્વી થયા. જૂદા જૂદા ગચ્છોમાં પણ ઘણા મહા પુરૂષોએ પુરૂષાર્થ ફેરવી ભારે ઉગ્ર તપસ્યા કરી આત્મ કલ્યાણ કરી ગયા છે. ગ્રંથોમાં તેઓના નામ સારી રીતે લખાઈને અમર થયા છે.

તપસ્યાના નામો આચાર દિનકરાદિ શાસ્ત્રોમાં કહ્યા છે. નવ આયંબિલની ઓળી, વીશ સ્થાનક તપ, ઈંદ્રિયજય, યોગશુદ્ધિ, જ્ઞાનતપ, દર્શનતપ, ચારિત્રતપ, કષાયજયતપ, કર્મસૂદનતપ, લઘુસિંહનિઃક્રીડિતતપ, મહાસિંહનિઃ ક્રીડિતતપ, મુક્તાવળી, રત્નાવળી, કનકાવળી, ભદ્રપ્રતિમા, મહાભદ્રપ્રતિમા, ભદ્રોત્તરપ્રતિમા, સર્વતો—ભદ્રપ્રતિમા, સર્વ સંપત્તિ સૂખ તપ, રોહિણીતપ, મૌનએકાદશી તપ, સર્વાંગ સુન્દર તપ, નિરૂજ શિખ, પરમભૂષણ, આયતિજનક, સોભાગ્યકલ્પવૃક્ષતપ, જિનમાતૃતપ, સમવસરણતપ, નંદિશ્વરતપ, પુન્ડરિકતપ, અક્ષયનિધિ તપ, ચાંદ્રાયણતપ, વજ્રમધ્યપ્રતિમા, આયંબિલવર્ધમાનતપ, ગુણરત્ન

સંવત્સરતપ, ચોવીશ જિનકલ્યાણિકતપ, લઘુપંચમીતપ, મહાવીરતપ, ગૌતમપડઘો તપ, તિર્થંકરચ્યવન, જન્મકલ્યાણિકતપ, તિર્થંકર દિક્ષા, તપ, કેવલજ્ઞાન તપ, તિર્થંકર નિર્વાણુતપ, મોક્ષ દંડક તપ, દમયંતિ તપ, ઉણોદરી તપ, મૌન એકાદશી તપ, અગિયાર અંગ તપ, દ્વાદશાંગી તપ, ચૌદ પૂર્વનો તપ, ધર્મચક્રવાલ તપ, અષ્ટાપદ તપ, બ્રહત્ સમવસરણુ તપ, પાંચ મેરૂ તપ, અદુ:ખ દુખિત તપ, સત્તરીસય જિન તપ, અમૃતાષ્ટમી તપ, અખંડદશમી તપ, સપ્તસપ્તતિકા તપ, દશમદશત્રિકા તપ, નવમનવત્રિકા તપ, કર્મચતુર્થ તપ, કર્મચક્ર તપ, બત્રીશ કલ્યાણિક તપ, લઘુ ધર્મ ચક્રવાલ તપ, એકાવલી તપ, નવકારપદાક્ષરમાન તપ, પંચપરમેષ્ટી તપ, યતિધર્મ તપ, શ્રીચતુર્વિધ સંઘ તપ, નિર્વાણુ દીપક તપ, ધનતપ, શ્રેણી તપ, વર્ગતપ, પરતપાલી તપ, ત્રિપર્યંતધન તપ, લાખી પડવો તપ, લઘુસંસાર તારણુ તપ, અહવદશમી તપ, અષ્ટકર્મોત્તર પ્રકૃતિ તપ, વર્ષી તપ, [રૂષભ સંવત્સરી] અષ્ટમાસિક તપ, ષડ્માસિક તપ, ક્ષીર સમુદ્ર તપ, સાત સૌખ્ય, આઠમોખ તપ, શત્રુંજયમોદક તપ, મતાંતરે દસ પચ્ચખ્ખાણુ તપ, સ્વર્ગ સ્વસ્તિક તપ, મતાંતરે ગનતપ, સપ્તમી તપ, અંબિકા તપ, શ્રુતદેવતા તપ, ગણુધર તપ, પદ્મોત્તર તપ, અંગ વિશુદ્ધિ તપ, આગમોક્ત કેવલી તપ, સિદ્ધિવધુ કંઠાભરણુ તપ, પદકડી તપ, છઠતપ, કલ્યાણિક તપ, મેરૂ કલ્યાણિક તપ, આંબિલની ઓલીતપ, અશોકવૃક્ષ તપ, ચંદ્રાયણુ તપ, સૂરાયણુ તપ, તિર્થંકર વર્ધમાન તપ, લક્ષ નમસ્કાર જાપ તપ, અષ્ટાપદ પાહુડી તપ જિનજનક નપ, નિગોદરસ તપ, અષ્ટમી તપ, મોક્ષકરંડ તપ, સૌભાગ્ય સુંદર, ચતુષષ્ટીતપ, ભદ્રાદિપડિમા તપ, અષ્ટાન્હિકા તપ,

છતુજિન તપ, ઉપધાન્ તપ, યોગોદ્વહન તપ, ઇત્યાદિ અનેક તપ કહ્યા છે.

જે સઘળા ભવ્યજીવોને આદરવા યોગ્ય છે. આશા તૃષ્ણારહિત, લોભ–લાલચ અને ઇર્ષ્યારહિત, નિયાણા વિના અને આજ્ઞાપૂર્વક આરાધના કરવી. કેવળ મુક્તિની ભાવના કઠિણ કર્મોનો નાશ કરવા માટે તપો ધર્મ પરમ સેવ્ય છે. પીસ્તાલીશ આગમ અને પ્રકરણાદિ ગ્રથો શત્રુંજય મહાત્મ્ય વિગેરેમાં એ સબધી વિશેષ વ્યાખ્યા છે. ટીકા, ચરિત્ર, પટ્ટાવલિ, વસુદેવહિંડી, ત્રિષષ્ટિશલાકા ચરિત્ર, પાંડવ ચરિત્ર પ્રભાવક ચરિત્ર, આદિ અનેક ગ્રથોમાં મહાપુરૂષો આ અવનિ તલે વિવિધ પ્રકારની ઉગ્ર તપસ્યા કરી સ્વયં કૃતકૃત્ય થયા છે. તપ કરવાથી કાયાને કષ્ટ પડે. ઇદ્રિયો શાંત થાય, લાબા વખતથી જામેલો શરીરમાં ખરાબ મળ તેનો નાશ છે. વાત પિત્ત અને કફ એ ત્રણે નિયમિત થાય છે. ઝાડો મરડો ફોડા સોઝા, શ્લેષ્મ બદહજમી, ગુલ્મગાઠ વાયુવિકાર અજીર્ણ, ભગંદર અરૂચી, અને તાવ આદિ અનેક વ્યાધિઓ નષ્ટ થાય છે.

આ બાબત પાશ્ચિમાત્ય વિદ્વાન્ ડૉકટરો ખાસ ભલામણ કરે છે કે ચાલીશ, સાઠ, ને નેવુ અપવાસ જૂદી જૂદી રૂતુમાં વ્યાજબીથી કરવાથી ઘણાને આરામ મલ્યો છે.

વળી આ અપવાસ પાળવા સબધમા પ્રાત કાળ, મહાકાળ, યમદંડ, ભક્ત, ધર્મધ્વજ, ને ગુજરાતી પત્ર વિગેરે જાહેર પત્રોમાં છુટથી હકીકત છાપે છે. લાંબો કાળ અપવાસ કરવાથી શારીરિક પ્રકૃતિનું બધારણ બધાઇ જાય છે જેથી એવા તપસ્વીઓને કષ્ટ જણાતું નથી. તેમ બેચેની થતી નથી દરેક બાબતો ઉદ્યમ સાધ્ય

છે. ઉગ્ર નિશ્ચય દઢ સંકલ્પ આત્મશ્રદ્ધા સતત્ પરિશ્રમને પૂર્ણ પુરૂષાર્થ સેવન એવા ઉત્તમ ગુણોથી કોઈ બાબત અશકય નથી. એવા ગુણવાળો માનવ ધારે તે કરી શકે છે. તપસ્યા કરતા જે સંભાળ રાખવામાં આવે છે તેથી પણ વધારે સંભાળ પારણું કરતી વખતે રાખવી જોઇએ પારણામાં તપસ્વીઓના દુર્બલ કોઠાને અનુકુલ પડે તેવુ ભોજન જેવું કે મગનું પાણી કેરનું પાણી (કેરડાનું) મગની દાળ, મગનું પાણી, ચોખાનુ ઓસામણ, બાજરાનુ ભરડકુ, ચોખાની રાબડી, ખીચડી, અને ગોપીનું પાણી ૧૦૮ વાર ગળીને નવટાંક આશરે પીવા દેવું. શરૂઆતમાં ખાસ કાળજી રાખી પારણુ કરે તો માફક આવે ત્યાર પછી ઘઊં બાજરાની ભાખરી, ચોખાની કણકી, વગેરે થોડે થોડે અનાજે ચડે, તો હરકત નહી.

લાંબા અપવાસના પારણામાં તદ્દન પ્રતિકુળ ચીજો જેવી કે ચાહ, કઢેલુ દુધ, માવો, સાકરનુ પાણી, સાકરનો શીરો, ને ટોપરૂં નાંખેલી ચીજો, તથા તળેલો પદાર્થ, અતિગરમ, અતિ થંડો, ને અતિશય દૂધવાળો પદાર્થ અથવા કંદોઈના ઘરની મીઠાંઇ વગેરે ચીજો તપસીને જલ્દી નુકશાન કરે છે. જેમ નાનાં બાળકોને ધાવણ (સ્તનપાન) છોડાવીને અન્ન ઉપર લાવવાને માબાપો, કાળજી રાખીને રફતે રફતે ચડાવે છે. તેમ એવા તપસ્વીઓની જઠરાઅગ્નિ સૂધારવા માટે કાળજી રાખવી ઘટે છે. એવી કાળજીની બેદરકારી રાખનાર જીવો નુકશાન પણ વેઠે છે. માટે ધ્યાન રાખવા ભલામણ છે.

આજ કાલ (વર્તમાન) ત્રણ ભુવન નીર્થ સ્થળ શ્રી પાલીતાણામાં વિશેષ તપસ્યા વિવિધ પ્રકારવડેની મોટી સંખ્યામાં થાય છે. ને જમણુવાર પણ વારંવાર થાય છે. માટે ભારે પદાર્થ ખાતા

વિરમવું ઉચિત છે. કેટલાક અજાણ લોકો એથી વિપરીત કરી બેસે છે.

પારણામાં સાકર દૂધ ચાહ શીરો લાડવા શીખંડ, પૂરી, લાપશી, વડાં, અથાણાં. ભજીઆં અને હવેજવાળાં ભારે ભોજન, તથા છાંટેલા ચોખા, વાલ, ચોખાના ચોવડાં, કપૂરીયાં, ઢોકલાં, ટોઠા, વધારેલા ચણા, કેરીનો છુંદો, તળેલી રોટલી, પૂરણપોળી, ઘેબર, શાક, માલપુઆ, ઘીદૂધની રાબડી, માતર, માવો, ગુંદરપાક, ટોપરાં પાક, મેથીપાક, બદામપાક, મુરબ્બા, અને જમાનાને અનુસરતી થતી પકવાનાદિ ચીજો માત્ર કલ્પવા યોગ્ય નથી. તેપણ તૃષ્ણામા તણાઇ ખા ખાઉ કરે, આ ખાઉ કે આ ખાઉ ? એટલુજ નહી પણ જે ખાય તે મિતાહાર તરીકે નહી પણ પેટ ઠાસી ઠાંસીને જમે અને મોઢું (મુખ) મોળુ-નિરસ પડી જવાથી કેટલાક તપસ્વીઓ દહાડામા ત્રણથી પણ વધારે વખત જમે છે પછી મરે તેમા જૈનો યા જિનધર્મ શું કરે ! જૈન ધર્મ ફરમાવે છે કે—

विभूसा इत्थि संसग्गी पणियं रस भोयणं नरस्सत्त गवेसिस्स विसंतालउडंजहा. ॥१॥

દશ વૈકાલિક આઠમુ અધ્યયન.

અર્થ—શરીરાદિકના શણગાર ટાપટીપ ફૅશન સ્ત્રીઓનો પરિચય ઘણા વિગયવાળો અને ભારે અથવા અધિક ભોજન એ સઘળાં કારણો આત્મહિતૈષી જીવને દ્રવ્ય અને ભાવ હિત ચાહનાર નીતિ નિપુણ જનોને હલાહલ ઝેર જેવાં છે. માટે પારણામાં ખાવા યોગ્ય નથી. પારણામાં ખોરાક તે જેમ માંદા માણસનો ખોરાક; બાળકનો

ખોરાક અને તપસ્વીઓના પારણાનો ખોરાક એ પરસ્પર સાદશ્ય છે. એમાં જોરાજોરીનુ કામ નથી. સાવધાનપણાનું કામ છે ચેતતાનર સદા સુખી એ શિખામણ યાદ કરતા રહી વિચારશીલ પુરૂષો પારણામાં અત્યંત સાવધાનતા સેવે છે.

તેઓ દુઃખી થતા નથી. માંદા પડતા નથી, તેમજ મરતા નથી. પરંતુ અણસમજું બાપડાઓ તૃષ્ણામા ફસાઇ જઇ મરણ પામે છે. તે બાબતમા એમ થાય કે જ્યાં જ્યાં માસખમણાદિ પારણા હોય ત્યા દરેક સ્થળે સ્થળે ભાદ્રવા શુદી ૭–૮–૯ દરમ્યાન ત્યાંના ડૉકતર સાહેબને બોલાવી શરીરચિકિત્સા કરાવી ખોરાક તબીઅત તપાસાવવી અને પછી તેમના કહ્યા પ્રમાણે ખોરાક લેવામાં આવે તો તપસ્વીઓના શારીરિક સુખ તરફનુ પરિણામ ઘણુ સારૂ આવે, અને એ પ્રમાણે હેન્ડબીલો છપાવી જાહેર પ્રજાને માહિતી આપવી. આવી ઉગ્ર તપસ્યાની મોટી સંખ્યા શત્રુંજય તીર્થ શહેર પાલીતાણામા પર્યુષણ ઉપર સર્વ કરતાં વિશેષ થાય છે. માટે ત્યાંની આપણી શ્રી આણંદજી કલ્યાણજીની પહેડી તરફથી વિશેષ પ્રકારે ભક્તિના અને સાન્ત્વના માટે રૂડો બંદોબસ્ત કરવો ઉચિત લેખાશે. અને તેવા કાર્યને ઉપાડનારી ધાર્મિક સંસ્થાને ઉત્તેજન આપવું જેથી જૈનકોમની લાગણી જીતી શકાશે. એજ કિંબહુના ! ઉપર લખ્યા મુજબ તપાસ્યા કરનારાઓ પારણામા વિવેક રાખી વર્તશે તો આત્મહિત થશે.

शिवमस्तु सर्व जगतः परहितनिरता भवंतु भूतगणाः
दोषाः प्रयांतु नाशं सर्वत्र सुखी भवंतु लोकाः ॥

લેખક—મુનિ રત્નવિજય સંવત ૧૯૭૦ આસો શુદ ૧૦ વિજયાદશમી સ્થળ સાદરી–મારવાડ.

શિખામણની સજઝાય.—દેશી ચોપાઈની.

પામી સુગુરૂનો સુપસાય, કહુ શિખામણની સ્વાધ્યાય,
તજવા અપલક્ષણ સૌ દૂર, જેમ પામો સુખ ભરપૂર. ૧
પોતે વાત કરે પોતે હસે, રિદ્ધિ બુદ્ધિ દુર ખસે,
ખાતા અગુલી કરે ઉચી, તેણે ગુમાવી પુન્યની કુચી. ૨
નગ્ન સૂવે ધરે પગે આંટી, તેની વાત મૂકો સૌ દાટી;
હોઠે અગુલી ધરે જેહ, તેને ચતુરાઇ આપે છેહ. ૩
હાલતાં ચાલતાં ખાતો જાય, નરરૂપે તે પશુ ગણાય;
ઉભો ઉભો પીએ પાણી, અક્કલ ઉપર ફેરવ્યુ પાણી. ૪
વાશી અભક્ષ વિદળ અજીઠુ, ખાતાં આવે પાપનુ ચીઠુ,
એઠો એઠો કરે જે ચાળા, તેણે પુન્યને દીધાં તાળાં ૫
વગર બોલાવ્યો જે નર બોલે, તે નર જાણો ખરની તોલે;
જે ખાતાં કરે બહુ વાર, તેનાં કામમાં નહી ભલીવાર. ૬
જે વાયુ સચરે કરે જોરે, હૈયે એકને હોઠે ઓર,
જેની છાતીમાં નહી વાળ, તેની સગતી દૂરે ટાળ. ૭
ટુકી ગરદન વામન લૂલા, કાણા માંજર ભાગ્યમા ભૂલા,
હોઠ દાંત મોટા ટુંકુ નાક, તે નર થાય નહી ચાલાક. ૮
ટુંકાં હાથ અંગલી કાન, તે નરદરિદ્રીનો આગેવાન,
જેને હોય નહી દાઢી મુછ, તેની વાત મને નહી પૂછ. ૯
દિવસે ઘણો જે ઉધે, તેનો સંઘ ડાકોર નહિ પૂગે;

બહુ બોલકણો નર જેહ, તેને પાપનો વરસે મેહ. ૧૦
હાટે દુકાને બેઠો ખાય, ચૂલે રાંધતા ખાતી જાય;
શરીર વસ્ત્ર ન રાખે સાફ, તેના અપરાધ ન થાય માફ. ૧૧
કોઇ કરવા જતો હોય કામ, તરત પાછો બોલાવે તામ;
ફોકટ ભય વ્હેમ રાખે, બારી ઉપરથી મળમૂત્ર નાંખે. ૧૨
અજાણ્યાને સોપે કામ, ભૂખ્યો તરસ્યો નીકળે ગામ,
હલકી ચીજ ઉપર ધરે પ્રીત, એ નહિ સુભાગ્યની રીત. ૧૩
ભોળો કપટી લાલચુ માની, કુવાસિત તુચ્છ પામર પ્રાણી;
ભૂખ કરતાં વધારે આહારે, આવક કરતાં ખર્ચ વધારે. ૧૪
દીર્ઘ સૂત્રી દીર્ઘ રોષી, ધાતકી વાતકી આળસુ દોષી;
અદિઠ્ઠકલ્યાણિક એવા, ક્ષુદ્ર બુદ્ધિ પામર ખર જેવા. ૧૫
ધૃત તેલ પાણી તક્ર દૂધ, ગલણે ગાળી કરવા શુદ્ધ;
અન્ન ભૂમિપર રાખી ખાય, બે હાથેથી ખાતો જાય. ૧૬
ગંદાં કપડાં ગદું શરીર, જે વાપરે અણગળ નીર;
ટાપટીપ કરે જે ઝાઝી, તેણે ગમાવી હાથથી બાજી. ૧૭
આંખની નીચે ચામડી કાળી, હેઠ બુટને નાશીકા કાળી;
કપાળ માંહે કાળો ડાધ, તેની સાથે ન કરવો રાગ. ૧૮
જે આંખને ન ગમે દેહ, મન બુદ્ધિને ન ગમે તેહ;
જેનો દેખાવ હોય વિકરાળ, તેને આખા ભવનું સાલ. ૧૯
પંક્તિ ભેદ કરે કથા છેદ, તે પામે સર્વત્ર ખેદ;
ભણે કાળ વેળા માંહે ગ્રંથ, તેને સૂઝે નહી શુભ પંથ. ૨૦
જે નર માને નહીં હિત શિખ, તે માગે ધરોધર ભીખ;
વૃદ્ધ સેવા કરે નહીં જેહ, તેણે વ્યર્થ ગુમાવ્યો દેહ. ૨૧
જૂઠું બોલે સોગન ખાય, તે માણુસ નુગરો કેવાય.

માથું નાનું પગલા મોટાં, તેનાં લક્ષણ સઘળા ખોટાં. ૨૨
મળ મૂત્રનો જે કરે રોધ, તેનો નિર્મલ ન રહે બોધ.
અધિરો અકરાંતીઓ મૂઢ, તે ન લહે પરમારથ ગુઢ. ૨૩
જે ચાલે ધબોધબ ચાલ, તેમાં ફુટી બદામનો માલ,
જાણે થોડું ને તાણે ઘણું, હારે ફોકટ માનવપણું. ૨૪
નિદ્રામાં જે દાંતજ ઘસે, વિના કારણ આપહી હસે;
ઊંધો સૂવે ઘૂંટણ બેસે, ડાબે હાથે વસ્તુ લેશે દેશે. ૨૫
જે તે ચીજને અડકે ઉપાડે, હિંડતા જ્યાં ત્યા નજર ભમાડે;
પારકા છાનાં કાગલ વાચે, સ્વપ્રશંશા સૂણીને રાચે. ૨૬
તકરાર કરે વાતે વાતે, ઊભા રહે અબલા સંધાતે;
ખાતાં અન્ન વખાણે વખોડે, નવરો બેશે તરણા તોડે. ૨૭
પરઇરષાને આપ બડાઇ, તેની ચૂલે પડી ચતુરાઈ.
ચટકા મટકા કરે બહુ ચાળા, તે લક્ષણ નહી રૂપાળાં. ૨૮
ઓઠો આપી બેસે જેહ, કુડલીનિ સ્થિર ન રહે દેહ;
બહુ આળસ મરડે અંગ, કટી સૂત્ર બાંધે બહુ તગ. ૨૯
વાત કરતાં પરને અડકે, જ્યાં ત્યાં બેસે જ્યાં ત્યાં અડકે.
તાણે છીંક ડકારને ખાંસી, કરે ગાંડા અજાણની હાંસી. ૩૦
શેખ સલ્લીને ધવળ શેઠ, કપિલા દાસીને મમ્મણ શેઠ.
અપલક્ષણનાં નાયક એવા, દારિદ્રના પૂતળાં જેવા. ૩૧
નાની મોટી જાણી અજાણી, કુટેવથી પીડાયે પ્રાણી;
પાપી ટેવથી વાધે પાપ, પુન્ય ટેવથી પુન્યનો વ્યાપ. ૩૨
શુભ લક્ષણ બત્રીશે કહ્યા, તે સહુ પુન્ય સંજોગે લહ્યા;
અપ લક્ષણ તે પાપનુ મૂળ, શુભ લક્ષણથી પુન્ય પ્રફુલ્લ. ૩૩
શુભ ટેવથી રીઝશે દૈવ, શુભ ટેવથી સુખ નિત્ય મેવ;

શુભ લક્ષણથી પુન્યને યોગ્ય, અપલક્ષણે ધર્મ અયોગ્ય. ૩૪
સાત વ્યસન અસમાધી વીશ, આશ્રવ સબલા ઇક વીશ,

પાપસ્થાનક ટાળો અઢાર, તો શુભ લક્ષણ પ્રગટે અપાર. ૩૫
રોષ દોષ ન ધરશો કોઈ, સમજી લેશો મનમાં જોઇ,

મલ્યુ માનવભવ સૂર રત્ન, કહે સફળ કરો ધર્મ રત્ન. ૩૬
ઇતિ શિખામણની સજ્ઝાય સંપૂર્ણ.

તપશા વિષે ગુંહલી.

મોહન વાજા વાગિયા—એ દેશી

મોહન વાજા વાગિયાં, વાજા વાગ્યા તપસીને ઘેર. મોહન૦ ॥ ટેક. ॥
કર્મ નિકાચીત ટાળવા, તપ ધર્મ કરો દૃઢ ટેક.
ધરો એ વિવેક. ॥ મોહન૦ ॥
ક્ષણભંગુર દેહ પામી કરી, ધરો તપસ્યા વજ્ર સન્નાહ;
થશે કર્મ ઉડ્ડાહ. ॥ મોહન૦ ॥ ૧ ॥
અહાર સંજ્ઞા અતિશય વાધતાં, જાય સાતમી નર્ક મોઝાર;
તંદુલિયો અધિકાર. ॥ મોહન૦ ॥
મેરૂ જેવડા ગંજ ભક્ષના, કીધાં જીવે અનંતીવાર;
નહિં કર્યો વિચાર. ॥ મોહન૦ ॥ ૨ ॥
તપ ખડ્ગ ગ્રહી લડો જોસથી, કરો કર્મ કઠિણ ચકચૂર;
દીપે નિર્મળ નૂર. ॥ મોહન૦ ॥
અષ્ટ સિદ્ધિ અડવીસ લબ્ધિઓ, દેવ દેવી કરે સહુ સેવ;
મ્હોટો તપ દેવ. ॥ મોહન૦ ॥ ૩ ॥
ઊંદરભરી જે જીવડા, પિંડપોષણીયા જે નરનાર;
પડો ફિટકાર. ॥ મોહન૦ ॥

કષ્ટ સાધ્ય દુ:સાધ્ય જે કામ છે, તપથી સવી થાય;
જરૂર જણાય. ॥ મોહન૦ ॥ ૪ ॥
વીશ સ્થાનક તપ સેવીને, જીવ થયા જિનરાય;
પામી પ્રભુ તાય. ॥ મોહન૦ ॥
નવપદ પચમી ચઉદશી, પડિમા વહે જેહ;
થાય નિર્મળ દેહ. ॥ મોહન૦ ॥
એકસો ત્રેવીશ તપ ભેદ છે, કરનાર છે ધન્ય;
બાંધે બહુ પુન્ય. ॥ મોહન૦ ॥ ૫ ॥
નિરાશશ પણે તપ આદરો, ધરો તપ ગુણુ ધ્યાન,
કરો ન નિદાન. ॥ મોહન૦ ॥
મોહ મમતા મૂર્છા પરિહરી, દેહ દુખે મહા ફળ થાય,
સિદ્ધાંતે ગવાય. ॥ મોહન૦ ॥ ૬ ॥
વીર પ્રભુ તપ આદર્યો, ધન્ન ઢંઢણુ સત,
ઋષભ ભગવત. ॥ મોહન૦ ॥
અર્જુન માલી ભવ તર્યો, દઢ પ્રહારી પ્રસિદ્ધ;
થયા બહુ સિદ્ધ. ॥ મોહન૦ ॥ ૭ ॥
નેવું અ તગડ કેવળી, મુનિપતિ સમરાદિત્ય;
ધરો તમે ચિત્ત. ॥ મોહન૦ ॥
એમ અનંત સિદ્ધિ વર્યા, તપગુણુનો મહિમાય;
પાપ દૂરે પળાય. ॥ મોહન૦ ॥ ૮ ॥
ક્ષમા સહિત તપ આદરો, ધર્મ રત્ન પદ થાય;
જગમાં પૂજાય. ॥ મોહન વાજા વાગિયાં. ॥ ૯ ॥

॥ ઇતિ સંપૂર્ણ. ॥

શ્રી હિર વિજયસૂરિની ગુહલી.

(દશમે ભવે શ્રી શાંતીજી—એ દેશી.)

હીરવિજય સૂરિરાયજી, ધર્મ પ્રભાવક નાથ. ॥ રૂડા ગુરૂજી. ॥
અકબર પ્રતિબોધી ઉદ્ધર્યો, હુઆ જગત વિખ્યાત.
॥ રૂડા૦ ॥ હીર૦ ॥ ટેક૦ ॥ ૧ ॥
જનમ્યા પાલનપુર શહેરમાં, કુરાશાહ નાથીનંદ. ॥ રૂડા૦ ॥
પંદર ત્યાશી સાલમાં, માગશર શુદી તિથી નંદ ॥રૂડા૦॥હિર૦॥ ૨ ॥
પંદર છન્નુએ સંજમી, કાર્તિક વદ બીજ જાણુ. ॥ રૂડા૦ ॥
વિજયદાન સૂરિ પાસથી, હીરહર્ષ અભિધાન. ॥ રૂડા૦ ॥ ૩ ॥
સોલસો દશની સાલમાં, પોષ શુદ પાંચમ દિન. ॥ રૂડા૦ ॥
સૂરિપદે પ્રભુ સ્થાપીઆ, માત પિતા કુળ ધન્ન. ॥ રૂડા૦ ॥ ૪ ॥
અકબ્બરશાહ પ્રતિબોધીને, જગત ગુરૂ લહ્યા નામ. ॥ રૂડા૦ ॥
તપશા કરીજે સૂરિએ, તે સરવાળો આમ. ॥ રૂડા૦ ॥ હીર૦ ॥ ૫ ॥
પાંચ વિગય તજી સર્વદા, એકાસણુ જાવજ્જિવ ॥ રૂડા૦ ॥
બાર દ્રવ્ય રાખ્યા મોકલા, તાર્યા બહુ ભવ જીવ ॥રૂડા૦॥હીર૦॥૬॥
અપવાસ ત્રણસે આદર્યા, છઠ સવાસો કીધ. ॥ રૂડા૦ ॥
અઠમ બહોંતેર સેવીને, બે હજાર આંબિલ લીધ૦ ॥રૂડા૦॥હીર૦॥૭॥
બે હજાર નીવી પાળીને, વીશ સ્થાનક તપ કીધ. ॥ રૂડા૦ ॥
પાપ આલોયણ કારણે, તપ આલોચના લીધ. ॥ રૂડા૦ ॥હીર૦॥૮॥
ત્રણ હજાર છસો ઉપરે, ગુરૂજીએ કર્યા અપવાસ. ॥ રૂડા૦ ॥
બાવીસ માસ સૂધી સદા, યોગ વહન કર્યું ખાસ. ॥રૂડા૦॥હીર૦॥૯॥
સૂરિમંત્ર ત્રણ માસમાં, ચારક્રોડ શ્લોક સજ્ઝાય. ॥ રૂડા૦ ॥
પાંચસે જિન બિંબ સ્થાપના, તાર્યો બહુ સમુદાય. ॥રૂડા૦॥હીર૦॥૧૦॥
અપવાસ કરી ઉપર કરે, એકાસણુ તપ તેમ. ॥ રૂડા૦ ॥

તે ઉપર આંબિલ કરે, અપવાસ કરે વળી તેમ. ॥રૂડા૦॥હીર૦॥૧૧॥
એ પરિવાટી સાચવી, તેર માસ પર્યંત. ॥ રૂડા૦ ॥
વિજયદાન ગુરૂ સંબંધીનો, તપ ગુણુ બહુ ફલવંત.॥રૂડા૦॥હીર૦॥૧૨॥
સોલસે બાવન સાલમાં, ઉનાવા નગર મોજાર. ॥ રૂડા૦ ॥
ભાદ્રવાશુદી એકાદશી, પામ્યા સુર અવતાર. ॥ રૂડા૦ ॥ હીર૦ ॥૧૩॥
તરણ તારણુ ગુરૂ સેવતા, પ્રાણીયા શિવપુર જાય. ॥ રૂડા૦ ॥
ધર્મ રત્નપદ પામીને, જયોતિમેં જયોત મિલાય. ॥ રૂડા૦ ॥ ૧૫ ॥

॥ સંપૂર્ણ ॥

પજુસણુની ગુહલી.

સજની મોરા—એ દેશી.

સજની મોરી પર્વ પજુસણુ આવ્યારે,
સજની મોરી સંઘ સકલને ભાવ્યારે. સજની૦
માસખમણુ તપ આદરો રે. ॥ સ૦ ॥
પાસખમણુ તપ ઓચરો રે. ॥ સજની૦ ॥ ૧ ॥
અમારી પડહ વજડાવો રે. ॥ સ૦ ॥
ધવળ મંગળ વરતાવો રે. ॥ સ૦ ॥
અઠાઇ છકાઇ તપ કીજે રે. ॥ સ૦ ॥
પાંચ ચાર પચ્ચખી જે રે ॥ સ૦ ॥ ૨ ॥
અઠમ ફળ સુખ ચાખો રે. ॥ સ૦ ॥
સત્ય વચન મુખ ભાખો રે. ॥ સ૦ ॥
આંગી પૂજા ભણુાવો રે. ॥ સ૦ ॥
સંઘ સકળ મળી આવો રે. ॥ સ૦ ॥ ૩ ॥
રૂઠડા સજજન મનાવો રે. ॥ સ૦ ॥

ખમત ખામણા કરાવો રે. ॥ સ૦ ॥
વ્યાખ્યાણ સૂણવા બેસો રે. ॥ સ૦ ॥
ધર્મ લાભ ફળ લેશો રે. ॥ સ૦ ॥ ૪ ॥
કલેશ કંકાસ નિવારો રે. ॥ સ૦ ॥
શોકના બાના વિસારો રે. ॥ સ૦ ॥
પડિક્કમણાં નિત્ય કીજે રે. ॥ સ૦ ॥
દાન સુપાત્રે દીજે રે. ॥ સ૦ ॥ ૫ ॥
ખમત ખામણા કરી લીજે રે. ॥ સ૦ ॥
વૈર વિરોધ ખમીજે રે. ॥ સ૦ ॥
સંઘમાં શાતિ ફેલાવો રે. ॥ સ૦ ॥
તકરારી વાત ન લાવો રે. ॥ સ૦ ॥ ૬ ॥
કલ્પ વ્યાખ્યાણ વચાવો રે. ॥ સ૦ ॥
સુપના પાઠ ભણાવો રે ॥ સ૦ ॥
ચોવીસ જિન અધિકાર રે. ॥ સ૦ ॥
થિરાવળી અધિકાર રે. ॥ સ૦ ॥ ૭ ॥
સંવત્સરી દિન આજે રે. ॥ સ૦ ॥
પડિક્કમણા કરો સાંજે રે. ॥ સ૦ ॥
બારસો સૂત્ર સૂણી જે રે. ॥ સ૦ ॥
ચૈત્ય પરિપાટી કીજે રે. ॥ સ૦ ॥ ૮ ॥
વાર્ષિક પાતિક જાય રે. ॥ સ૦ ॥
પજુસણ સુપસાય રે. ॥ સ૦ ॥
આરાધો સૌ નર નારી રે. ॥ સ૦ ॥
ધર્મ રત્નપદ ધારી રે. ॥ સ૦ ॥ ૯ ॥

ઇતિ સંપૂર્ણ.

પજુસણુની ગુહલી.

અહો મુનિ સંજમમાં રમતાં–એ દેશી.

અહો ભવિ પર્વ દિવસ આવ્યા, ધર્મના બારણાં ઉઘડાવ્યા;
પાપ પૂંજ સૌ સળગાવ્યા. ॥ અહો૦ ॥ ૧
ચોમાસી ચઉદશ લેખો, ભાદ્રવી ચોથ દિવસ દેખો;
કાલિકસૂરિ વચન સદા પેખો. ॥ અહો૦ ॥ ૨
સુકાળના જેમ હોય માસ, ધર્મના તેમ એ અધિકાંશ;
વાવો આતમ ક્ષેત્રે ખાસ, ॥ અહો૦ ॥ ૩
વિવિધ તપે કાયાને કશીએ, દેહરે અપાશ્રયે જઇ વશીએ,
પાપથકી પાછા ખશીએ. ॥ અહો૦ ॥ ૪
પજુસણુ પર્વ મંગળકારી, સેવો સદા સૌ નરનારી,
પજુસણુ મહિમા જયકારી, ॥ અહો૦ ॥ ૫
સાજન મહાજન સહુ ભેળા, દહેરે અપાશ્રયે આવો વહેલા;
માસ પાસ અઠ્ઠાઈ કરો તેલા. ॥ અહો૦ ॥ ૬
સવત્સરી પડિક્કમણા કરવા, વર્ષના પાપ સકલ હરવા,
સવત્સરી સૂત્ર હૈયે ધરવા. ॥ અહો૦ ॥ ૭
પારણે સ્વામી વત્સળ કરવુ, ખમી ખમાવી જગત તરવું;
ધર્મ રત્નપદ અનુસરવુ,॥ અહો ભવિ પર્વ દિવસ આવ્યા ॥ અહો૦ ॥ ૮

ઇતિ સપૂર્ણ ॥

જીવ કાયા વિષે ધોલ.

મલ્હારરાવ પાછા વેલા પધારજોરે, એ દેશી.

કાયા કામિની વિનવેરે, સુણ સુણ પિયુડા વાણરે; ॥ ચેતનરાય. ॥
પાછા વેલા પધારજોરે.

પ્રીતિ અનાદિની તોડીનેરે, કેમ ચાલ્યા મહેરઆનરે. ॥ ચે૦ ॥ ૧ ॥
પાળી પોષી મોટી કરીરે, બાંધ્યો ગાઢો પ્રેમરે; ॥ ચે૦ ॥
પ્રેમ પનોતિ હુ પ્રેમદારે, એકદમ ચાલ્યા કેમરે. ॥ ચે૦ ॥ ૨ ॥
ફેશનની શીશિયારીમારે, ટાપટીપ બહુ કીધરે; ॥ ચે૦ ॥
છૂટા છેડા કરી સાહીબારે, કેમ લાંબી વાટ લીધરે. ॥ ચે૦ ॥ ૩ ॥
હું અબળા સમજુ નહીરે, ત્હારી ગોઝારી ટેવરે, ॥ ચે૦ ॥
નિપટ નિહેજા કેમ થયારે, મનમાં ન રાખી ખેવરે. ॥ ચે૦ ॥ ૪ ॥
જન્મ પર્યંત સાથે રહીરે, ખુબ લડાવ્યા લાડરે. ॥ ચે૦ ॥
એટલો મર્શીદ આ શું કર્યું રે, જુઓ તપાસી નાડરે ॥ ચે૦ ॥ ૫ ॥
તુમ વિણ એકલી નહિ રહુરે, બાળી દેશે મુને લોકરે, ॥ ચે૦ ॥
ઘરમાં ઘડી નહિ રાખશેરે, મૂકશે લોકો પોકરે ॥ ચે૦ ॥ ૬ ॥
ચેતન કહે સુણ કામિનીરે, આ ઘરની આ રીતરે, ॥ ચે૦ ॥
વાર અનંતી આવુ બન્યુરે, જૂઠી કાયાની પ્રીતરે. ॥ ચે૦ ॥ ૭ ॥
એમ કહી ચેતન ચાલીયારે, બીજી કાયા લીધી તામરે; ॥ ચે૦ ॥
ધન્ય પુરૂષ એ જાણવોરે, પામે અસરીરિ ઠામરે. ॥ ચે૦ ॥ ૮ ॥
શરીર પચક તજી જે મુઆરે, ખરા વિદેહી તેહરે. ॥ ચે૦ ॥
લોકાગ્રે વાસો વશ્યારે, ધર્મ રત્નપદ એહરે. ॥ ચે૦ ॥ ૯ ॥

ઇતિ સપૂર્ણ ॥

અથ આંબિલની સજ્ઝાય.

સમવસરણુ બેશી કરી મુખ ઉચરીરે, ભાખે શ્રી વર્દ્ધમાન ॥
આંબિલ તપ કરોરે, કર્મ નિકાચીત છેદવા ભવ ભેદવારે.
ટકશાળી ગુણ એહ, ॥ ટેક. ॥ ૧ ॥

અનંતર કારણુ મુક્તિનો સિદ્ધભક્તિનોરે,તપ ગુણુ પરમ ઉદાર, ા।આં૦।।
આંબિલમાં કલ્પે નહી વિગયો સહીરે,વિદલ સર્વ પરિહાર, ।। આં૦ ।।
અલસી કાંગને કોદ્રવા એ ટાલવારે,તિલ્લ તૂવર ખપે એમ. ।। આં૦ ।।૨।।
ખડધાન પોકદુક્ટ તજો, ફ્લવર્જજોરે, માંડા ખાખર ટાલ, ।। આં૦ ।।
લીલવણુ સૂંઠ મેથી સંચલા, સુવા આમલારે,અજમા તિખાંને રામઠ. ૩
મુખ્ય વિધિ છે એહ. ।। આં૦ ।।
એક્લો જીરો સૂઝે નહી, સમજો સહીરે,પરંપરા છે એહ. ।।આં૦ ।।૪।।
ગોમૂત્ર વિણુ અણુાહાર છે. લેવાયછેરે, પણુ ઉપયોગે તેહ, ।। આં૦ ।।
શેકેલ ધાન્ય કલ્પે નહી, અપક્વડાળ નહીરે,ખાવામાં રાખો વિવેક.આં ૫
હલદી લવિંગ પીપર પીપળી, હરડે વળીરે, સિંધવ વેશન ત્યાગ;।।આં૦।।
ખાદિમ સાદિમ સૂઝે નહી, અધરૂ સહીરે,એ વ્રત મહિમાવંત. ।।આં૦૬।।
મુખ ધોવણુ દાતણુ નવી કરે, સહુ પરિહરે, આહાર કથાની વાત, આં૦
આટો લેગટ પાણીવતુ, એસૂઝતુરે, કલ્પે યથાયોગ્ય ચીજ. ।।આં૦।।૭।।
અશઠ ગિતાર્થ અણુમચ્છરી, વિધિ કરે ખરીરે,લાભાલાભવિચાર,।।આં૦।।
આંબિલ તપ મોટો કહ્યો, જિનમતે લહ્યોરે, વિઘ્ન વિદારણુશસ્ત્ર ।।આં।।૮।।
અંતગડ સૂત્રે વિસ્તર્યો, વીરે ઊચ્ચર્યોરે, ધન્ય ધન્નો અણુગાર,।।આં૦।।
શ્રીજગચ્ચંદ્ર સૂરિશ્વરૂ, ગચ્છસૂરતરૂરે, તેમ મુનિચંદ્ર સૂરિંદ્ર.।। આં૦।।૯।।
શ્રી ધર્મધોષ સૂરિશ્વરૂ, તપ સૂરતરૂરે, અહો આંબિલના કરનાર, ।।આં૦।।
આનંદવિમળ પૂજિયે, બહુ રીઝીયેરે,હેમ વિમળ નમો નાથ.।।આં૦।।૧૦
હીરસૂરિ હૈડે ધરો, ભવજળ તરોરે, માણેક શ્રાવક તેમ.।। આં૦ ।।
પરિણામથી તપનામથીરે, ધર્મ રત્નપદ થાય. ।। આં૦ ।। ૧૧ ।।

ઇતિ સંપૂર્ણ. ।।

અથ ગુહલી.

વાણી મીઠારે માહાવીર તણી–એ દેશી.

જીરે ચાલો પોશાળે ગુરૂને વાંદવા, જીરે વાંચે છે સૂત્ર સિદ્ધાંતરે;
પુન્યવતા પ્રાણી. ॥ વાણી મીઠીરે માહારા ગુરૂતણી. ॥
જીરે એકાંતવાદને પરિહરી,જીરે સ્થાપે છે મત અનેકાંતરે ॥પુ॥વા॥૧॥
જીરે સંસાર અનિત્ય બતાવતા, જીરે કરતા ધર્મ ઉદ્યોતરે; ॥ પુ૦ ॥
જીરે ભવજળ ડૂબતા પ્રાણીને, જીરે તરણતારણ ગુરૂ પોતરે. પુ. વા. ૨
જીરે ચાલુ સમય સમજાવતા, જીરે વિચરતા દેશ પ્રદેશરે; ॥ પુ૦ ॥
જીરે ભાગ્યયોગે આ ગામમાં, જીરે કરવા આવ્યા ઉપદેશરે પુ. વા. ૩
જીરે સંઘ સકળ એમ વિનવે, જીરે કરો ચોમાસુ ગુરૂ રાયરે. ॥પુ૦॥
જીરે ધર્માદાખાતા સહુ સુધરશે,જીરે નિર્દોષ થશે સમુદાયરે પુ. વા. ૪
જીરે ન્યાત સંઘના તડ ભાંગશે, જીરે કન્યાવિક્રય થાશે દૂરરે, ॥ પુ૦ ॥
જીરે જ્ઞાનભડાર પાઠશાળાના, જીરે સુધરી જાશે સહુ રૂલરે. પુ. વા. ૫
જીરે આવા મુનિવરો અમ ભાગ્યથી,જીરે આવ્યા અમારે ગામરે;॥પુ૦॥
જીરે ધર્મરત્ન મુનિબોધથી, જીરે સુધરશે સઘ તમામરે. પુ. વા. ૬

ઇતિ સંપૂર્ણ ॥

અથ ગુહલી.

સજની મોરી–એ દેશી.

સજની મોરી આજ થયો સુવિહાણુરે, સજની મોરી ચાલો;
સુણીએ વખાણુરે, સ૦ ॥ ગુરૂપાટે બિરાજેરે. ॥ સ૦ ॥
મહા મેઘપરે ગાજેરે. ॥ સ૦ ॥ ૧ ॥
સ૦ ॥ વર્ષે અમૃતવાણીરે, ॥ સ૦ ॥ સભાક્ષેત્રમાં પાણીરે. ॥ સ૦ ॥
ઊગ્યા અન્ન અંકૂરારે, સ૦॥ સમદમ ગુણથી પૂરારે. ॥ સ૦ ॥ ૨ ॥

નદિ તળાવ ભરાણારે,સ૦॥ કીચડ કલેશ તણાણારે; ॥ સ૦ ॥
શાંત સુધારસ વૃષ્ટિરે, સ૦ ॥ પરમસુખી થઈ સૃષ્ટિરે. ॥ સ૦ ॥ ૩ ॥
દર્દૂર ડૂંડૂં કરતારે, સસ ॥ દીવા આગલ સહુ ડરતારે,॥ સ૦ ॥
સત્ય સદા તરી આવેરે, સ૦॥ જૂઠ જડામૂળ જાવેરે. ॥ સ૦ ॥ ૪ ॥
તરૂનવપલ્લવ થાયરે, સ૦ ॥ ફળફૂલ બહુ ઉભરાયરે, ॥ સ૦ ॥
ક્ષેત્રમાં ધાન્ય અપારરે, સ૦ ॥ સુખી થાય સસારરે. ॥ સ૦ ॥ ૫ ॥
એ ઉપનય સભાળોરે, સ૦ ॥ પછી કરો સરવાળોરે, ॥ સ૦ ॥
ફળ મળે સ્વર્ગને મોક્ષરે,સ૦ ॥ પ્રત્યક્ષ અથવા પરોક્ષરે. ॥સ૦ ॥ ૬ ॥
ઉપદેશની બલિહારીરે, સ૦ ॥ સુધરશે કેઈ નરનારીરે; ॥ સ૦ ॥
ધર્મરત્ન પદ પામેરે, સ૦ ॥ પહોચે પરમપદ ધામેરે. ॥ સ૦ ॥ ૭ ॥

ઇતિ સપૂર્ણ. ॥

અથ ગુહલી.

વીર જગત્ ગુરૂ વદના કરીએ–એ દેશી.

વાચક વીરને વદના કરીએ, કરીએ ને ભવજળ તરીએ;
એતો વાચક વીરને વંદના કરીએ, ॥
શ્રીયશોવિજય મહા ઉવજ્ઝાય, ભણવા કાશી બનારસ જાય.॥એતો૦॥૧
બાર વર્ષ રહી વિદ્યા આરાધી,ગંગાઘાટમા સરસ્વતી સાધી, ॥એતો૦॥
તુષ્ટી પુષ્ટી કરી લહ્યા વરદાન,ગીર્વાણ વાણીમાં થયા સાવધાન એતો૦ ૨
રાજસભામાં વાદવિવાદ, વાદી જીતીને કર્યો જયનાદ; ॥એતો૦॥
ન્યાયશાસ્ત્ર વિશારદનામ, પદવિ આપે ભૂપતિ તામ. ॥એતો૦॥ ૩
તર્કવાદ મહાવાદ સુધાર્યો, સૂત્રવાદ અતિશય વિસ્તાર્યો; ॥એતો૦॥
એકશોદશ નવા ગ્રથ બનાવ્યા, જૈનના તત્વો પ્રકટ બતાવ્યા.॥એતો૦॥ ૪
જૈન બેરીષ્ટર જીવનયત્ર, જૈન ધર્મનો મોહનમત્ર; ॥એતો૦॥

કુમતિ કુપક્ષને દૂર હઠાવ્યા,જૈનધર્મને શિખરે ચડાવ્યા. ॥એતો૦॥ ૫
વસત પંચમી નિર્મળ દિવસે, ॥એતો૦॥
ડભોઇ ગામે સ્વર્ગ સિધાવ્યા,ધર્મરત્નપદ જેણે દિપાવ્યા. ॥એતો૦॥ ૬
ઇતિ સપૂર્ણ. ॥

શ્રી પટ્ટાવલીની ગુહલી.

જીરે મારે જાગ્યો કુમર જામ—એ દેશી.

જીરે મારે સ્વામિ સોહમ ગણધાર, વીરપ્રથમ પાટે થયા; ॥જી૦॥
જીરે મારે જબૂપ્રભવ સ્વામ, સયભવસૂરિ સૂરલોકે ગયા. ॥જી૦॥ ૧
યશોભદ્ર ગુરૂદેવ, સભૂતિ ભદ્રબાહુ સુર ગુરૂ; ॥જી૦॥
સ્થુલીભદ્ર ગુરૂ અણગાર, આર્ય મહાગિરી સૂરતરૂ. ॥જી૦॥ ૨
જી૦ ॥ સુરિયત ઇંદ્રદિન્નસ્યામ, દિન્નસૂરિ સિહગિરી નમુ ॥જી૦॥
જી૦ ॥ વજ્રસ્વામિ વજ્રસેન, ચદ્રસૂરિ પદકજ નમુ. ॥જી૦॥ ૩
જી૦ ॥ સામતભદ્ર વૃદ્ધદેવ, પ્રદ્યોતન માનદેવજી; ॥જી૦॥
જી૦ ॥ માનતુગ મહારાજ, વીરાચાર્ય જયદેવજી. ॥જી૦॥ ૪
જી૦ ॥ દેવાનંદ સૂરિરાય, વિક્રમ નરસિંહ સમુદ્રજી; ॥જી૦॥
જી૦ ॥ માનદેવ મહારાજ, વિબુધપ્રભ જયાનદજી. ॥જી૦॥ ૫
જી૦ ॥ રવિપ્રભ યશોદેવ, પદ્યુમ્ન માનદેવ ગુણનિધિ; ॥જી૦॥
જી૦ ॥ વિમળચંદ્ર ઉદ્યોત, સર્વ દેવ નામે રિદ્ધિ સિદ્ધીજી. ॥જી૦॥ ૬
જી૦ ॥ દેવસૂરિ સર્વ દેવ, યશોભદ્ર મુનિચદ્રજી; ॥જી૦॥
જી૦ ॥ અજિતદેવ, સોમપ્રભ, ચુમ્માલીશમે જગચ્ચદ્રજી. ॥જી૦॥ ૭
જી૦ ॥ દેવેંદ્રસૂરિ ધર્મઘોષ, સોમપ્રભ સૂરિરાજજી; ॥જી૦॥
જી૦ ॥ સોમતિલક સ્વામીનાથ, દેવ સુંદર મહારાજજી. ॥જી૦॥ ૮
જી૦ ॥ સોમસુંદર ભગવંત, મુનિસુંદર સમરૂં સદા; ॥જી૦॥

જી૦ ॥ રત્નશેખર મહાભાગ્ય, લક્ષ્મિસાગર ગુરૂસંપદા; ॥જી૦॥ ૯
જી૦ ॥ સુમતિસાધુ શિરદાર, હેમવિમળ હૃદયે ધરૂંજી. ॥જી૦॥
જી૦ ॥ આનંદવિમળ મુણિંદ,વિજયદાન હીરસૂરિશ્વરૂજી. ॥જી૦॥૧૦
જી૦ ॥ વિજયસેન વિજયદેવ, એકસઠમા વિજયસિંહજી; ॥જી૦॥
જી૦ ॥ સત્યવિજય પન્યાસ, બાસઠમા ગુરૂસિંહજી. ॥જી૦॥૧૧
જી૦ ॥ કર્પૂર ક્ષમા જિન નામ, ઊત્તમ પદ્મરૂપ વિજયજી; ॥જી૦॥
જી૦ ॥ કસ્તૂરમણી બુટેરાય,બોંતેરમી પાટે વૃદ્ધિ વિજયજી. ॥જી૦॥૧૨
જી૦ ॥ વિજય ધર્મસૂરિરાય, શાસન મંડણ સર્વદા. ॥જી૦॥
જી૦ ॥ તસ પદ પદ્મદ્વિરેફ, રત્નવિજયજય સંપદા. ॥જી૦॥ ૧૩

ઇતિ સંપૂર્ણ. ॥

શ્રી સોમ સુંદર સૂરિની ગુહલી.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશ જો–એ દેશી.

હાંરે મારે ઠામ ધરમનુ પાલણપુર છે મુખ્યજો,
જનમ્યારે જિહાં સોમસુંદર સૂરીસ્વરૂરે લો. ॥ હાં૦ ॥
ચૌદસે ત્રીશની સાલે જનમ્યા નાથજો,
સજ્જન શેઠના કુળમાં પ્રકટયા સૂરતરૂરે લો. ॥ હાં૦ ॥ ૧ ॥
મ્હાલણ દેવી માતા ઊર અવતારજો,
સૂરિ જયાનંદ ગુરૂ પાસે સંયમ ગ્રહેરે લો. ॥ હાં૦ ॥
સાતમે વર્ષે ભાઈ બ્હેન બે સાથજો,
કર્મ નિકાચિત ટાળી સમતામાં રહેરે લો. હાં૦ ॥ ૨ ॥
વીશમે વર્ષે આચારજ પદ દીધજો,
ષટ દર્શનના ગ્રંથ મહોદધિ નિસ્તર્યારે લો. ॥ હાં૦ ॥
તપ જપ કરણી કહેતાં નાવે પારજો,

સમદમ નિર્મળ ગુણ રયણે અલંકર્યારે લો. ॥ હાં૦ ॥ ૩ ॥
રાણકપુરમાં ધરણોશા પોરવાડજો,
ચૌદ છન્નુની સાલે ગુરૂ ઉપદેશથીરે લો. ॥ હા૦ ॥
નલિનિ ગુલ્મ વિમાન બરાબર દશ્યજો,
ત્રિલોકયદિપક બનાવ્યુ ભાવ વિશેષથીરે લો ॥ હા૦ ॥ ૪ ॥
તારંગે શ્રી અજિતનાથ જિન ચૈત્યજો,
જિર્ણોદ્ધાર કરાવ્યો ગોવિંદ શ્રાવકેરે લો. ॥ હા૦ ॥
અમદાવાદી સમરો શા શાહુકાર જો,
સિદ્ધગિરીની યાત્રા કરાવી ભાવિકેરે લો. ॥ હાં૦ ॥ ૫ ॥
પ્રતિબોધ્યા બહુ નરનારીના વૃંદજો,
દેસોદેશ વિહાર કરી જીતકાશી થયા રે લો. ॥ હા૦ ॥
પચાસમી પાટે શાસન્ન મહોદય કીધજો,
ઉત્તમ મહિમા થકી જુગ પદવી લહ્યા રે લોગ ॥ હા૦ ॥ ૬ ॥
ચૌદ નવાણુ સાલે સ્વર્ગારોહજો,
કોઇ કહે છે પૂર્વ વિદેહે ઉપન્યારે લો. ॥ હા૦ ॥
સીમધર જિન પાસે જનમ્યા નાથજો,
ધર્મ રત્ન પદ નિર્મળ સૂરતરૂ નિપન્યારે લો ॥ હા૦ ॥ ૭ ॥

– સપૂર્ણ –

હીરસૂરિની સજ્ઝાય.

મદ આઠ મહા મુનિ વારીરે–એ દેશી.

શ્રી હીરસૂરિ ગુરૂ હીરલા, જેણે કીધા બહુ ઉપગારરે;
હાંજી અકબરશાહ પ્રતિબોધીને, કર્યો દયા ધર્મ વિસ્તારરે. શ્રી૦ ૧
હાંજી સવત પંદર ત્યાશી સાલમાં, માગશર શુદ નોમ સારરે;

હાંજી જન્મ્યા પાલણપુર શહેરમાં,થયા જુગપ્રધાન અવતારરે. શ્રી૦ ૨
હાંજી કુરાશાહ કુળ ઉપન્યા, માતાનાથીઉરહશ જેમરે;
હાંજી વિજયદાન સૂરિપાટમાં,દીપે ભરતમાં ભાસ્કર જેમરે શ્રી૦ ૩
હાંજી એકાસણાં જાવજ્જિવના, કીધો પાંચ વિગયનો ત્યાગરે,
બાર દ્રવ્ય પ્રભુ વાપરે, અહો અદ્‌ભૂત એહ વૈરાગ્યરે શ્રી૦ ૪
હાજી અપવાસ એકાસણા આંબિલે, એવી પક્તિ ચાલી તેર માસરે,
વિજયદાન ગુરૂ આરાધવા, ગુરૂવત કર્યું એ ખાસરે શ્રી૦ ૫
હાંજી ગુરૂ સન્મુખ આલોચના, બે વાર લીધી હિતકારીરે,
હાંજી ગુરૂ પરપરા સાચવી, ભવભીરૂતણી બલિહારીરે શ્રી૦ ૬
સંવત સોલ ઓગણચાલીસમાં, કીધો દિલ્લી નગર પ્રવેશરે,
હાજી દયાધર્મ વિસ્તારવા, દીધો અકબરને ઉપદેશરે. શ્રી૦ ૭
હાજી ત્રણસે ઉપવાસ પહેલા કર્યા, હાજી સવાબસે છઠ્ઠ કીધારે;
હાંજી અઠ્ઠમ બહોંતેર ઉપરે, સાધ્યા યોગ અષ્ટાગ પ્રસિદ્ધારે. શ્રી૦ ૮
હાંજી યોગવહન તપસ્યા કરી, હાંજી માસ બાવીશ પર્યંતરે,
હાંજી ત્રણ માસ ઉગ્ર તપ કરી, સાધી સિદ્ધ કર્યું સૂરિમત્રરે.શ્રી૦ ૯
હાંજી દોય હજાર આંબિલ કર્યા, કીધી નિવી દોય હજારરે,
ત્રણહજાર છસોઉપરે અપવાસ કર્યા સુખકારરે. શ્રી૦ ૧૦
કીધો વીશ સ્થાનક તપ આંબિ લે, પરચુરણનો નહી પારરે;
સજઝાય ધ્યાન ચાર ક્રોડ છે, અહો ઊત્તમ પુરૂષ આચારરે. શ્રી૦ ૧૧
હાંજી ખાદિમ સાદિમ દોય પરિહર્યા, હાજી ઓશીકાનો કર્યો ત્યાગરે;
હાંજી જિન કલ્પીની તુલના કરી,અહો મોટાનો મ્હોટો વૈરાગ્યરે.શ્રી૦ ૧૨
હાંજી શિષ્યમંડળ બેહજાર છે, તેમાં દોઢસો પન્યાસ થાયરે;
ત્રણસે સાધ્વિ સપદા, હાંજી સાત મ્હોટા ઉપાધ્યાયરે. શ્રી૦ ૧૩
હાંજી પદરસો સઘવી કર્યા, તેમ પચાસ પ્રતિષ્ટા કીધીરે;
હાંજી જગતગુરૂ પદવી ભલી, હાંજી બાદશાહે તિહાં દીધીરે. શ્રી૦ ૧૪

હાંજી આઇને અકબરી ગ્રંથમાં, હાંજી અબુલ ફજલ ગુણ ગાવેરે;
હાંજી તિર્થરક્ષણ હક્ક મેલવ્યા, ફરમાના સરસ લિખાવેરે. શ્રી૦ ૧૫
હાંજી સોલસે બાવન સાલમાં, ગામ ઉનામાં ચરમ ચોમાસરે,
હાંજી ભાદ્રવાશુદ એકાદશી, સૂરિ સ્વર્ગમાં કીધો વાસરે. શ્રી૦ ૧૬
શ્રી કુમારપાલ પ્રતિબોધવા, માનુ હેમ ગુરૂ ફરી આવ્યારે,
શ્રી વીર અઠ્ઠાવનની પાટમાં, પ્રભુ ધર્મ રત્ન દિપાવ્યારે. શ્રી૦ ૧૭

ઇતિ સંપૂર્ણ.

માસખમણની ગુહલી.

પધારો પિયર ભણી—એ દેશી.

કર્મ કઠિન વિદારવા, વારવા વિષય કષાય,
કરો તપ ભાવથી. ॥ ૧ ॥
માસખમણ તપશાવડે, ટાલો અનાદિના દોષ;
કરો પુન્યના પોષ. ॥ કરો૦ ॥ ૨ ॥
દેહએ દુઃખનું ગેહ છે, ક્ષણમાં દે છે છેહ;
નહિં સંદેહ. ॥ કરો૦ ॥ ૩ ॥
ખાધું પીધું બેશી નવિ રહે, પૂરણ પાપી એ પેટ;
ખાલી શી વેઠ. ॥ કરો૦ ॥ ૪ ॥
આહાર સંજ્ઞાએ સાતમી, તંદુલિયો મચ્છ જાય;
મહા દુઃખ થાય. ॥ કરો૦ ॥ ૫ ॥
અહો ભાગ્ય તપશી તણું, દેવને દુર્લભ એહ;
કરે ભવ છેહ. ॥ કરો૦ ॥ ૬ ॥
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે, સંપજે સર્વ અભીષ્ટ;
ટળે સહુ કષ્ટ. ॥ કરો૦ ॥ ૭ ॥

માસખમણુ કરો ભાવથી, દિન દિન ચડતે ભાવ;
ભવ દરિયે નાવ. ॥ કરો૦ ॥ ૮ ॥
કર્મ નિકાચીત ટાળવા તો કરો માસોપવાસ;
મળે શિવવાસ. ॥ કરો૦ ॥ ૯ ॥
શુ બેઠા કાયર થઇ, કરી હિમત થાઓ સાવધાન;
કરો પચ્ચખ્ખાણ. ॥ ૧૦ ॥ કરો૦ ॥
કાયા અગોચરી જાણવી, રાખો તેમ રહે એહ;
ફોકટ શો સ્નેહ. ॥ ૧૧ ॥ કરો૦ ॥
પાંડવ પાંચને ધન્ય છે, ખંધક મેઘકુમાર;
અહો અણુગાર. ॥ ૧૨ ॥ કરો૦ ॥
તપ ચિંતામણી રત્ન છે, કામધેનુ સૂરવૃક્ષ;
ફ્ળે પરતક્ષ. ॥ કરો૦ ॥ ૧૩ ॥
આજ કાલ કરતાં જશે, પહોર દિવસને રાત;
રહી જશે વાત. ॥ કરો૦ ॥ ૧૪ ॥
કર્મ આધિન ભીખારીઓ ભૂખથી મરતાં જાય;
નહિં ફ્ળ થાય. ॥ કરો૦ ॥ ૧૫ ॥
સ્વવશ ઇચ્છા રોધથી, કરો માસખમણુ પ્રયત્ન;
મલે ધર્મ રત્ન. ॥ કરો૦ ॥ ૧૬ ॥

ઇતિ સંપૂર્ણ.

પદ.

હમારે લય લાગી પ્રભુ નામ—એ રાગ.

હમોને નહિં દુનિયાસેં કામ, હમોને નહી જગતસેં કામ. ॥ ટેક ॥
જગત ભગતને વૈર અનાદિ, વિરૂદ્ધાભાસ તમામ. હમોને૦ ॥ ૧ ॥
દુનિયા દોરંગી હમ એકરંગી, એક હમારા સ્વામ;

એકવાટમાં એક વાતમાં નિશ્ચલ હમ પરિણામ. હમો૦ ॥ ૨ ॥
લોક પ્રવાહે એ મુજ ચેતન; ભટકયો ઠામોઠામ;
માયા જાલમે બહુત ફસાયો, હાર્યો બાજી તમામ. હમો૦ ॥ ૩ ॥
કયા દુનિયામાં હવ અરે ચેતન, વિઘટે વસ્તુ તમામ;
આત્મતત્વ વિચાર કરો તો, મન આવે નિજ ઠામ હમો૦ ॥ ૪ ॥
પૂરવ પુન્ય પસાયે પામ્યો, નિર્મળ નિર્ગ્રંથ નામ,
ભવ અટવી ઓળંગી પામ્યા, અબ છેડો વિશ્રામ હમો૦ ॥ ૫ ॥
પ્રતિષ્ટા શુ કરી વિષ્ટા જ્યુ, ગૌરવ રૌરવ ઠામ;
સ્વાભિમાન સુરાપાન છે, અમે થશું નિષ્કામ. હમો૦ ॥ ૬ ॥
ના હું કર્ત્તા ના હુ ભોક્તા, અક્રિયપદ અભિરામ;
યોગશાસ્ત્રના ચરમ શ્લોક છે, ત્યા કરશુ વિશ્રામ. હમો૦ ॥ ૭ ॥
ચારિત્ર ચિંતામણી અબપાયો, કયા કંકરસે કામ;
સિદ્ધાચલ સુપસાયે પામે, ધર્મ રત્ન અભિરામ. હમો૦ ॥ ૮ ॥

વૈરાગ્યની સજ્ઝાય.

તિરથ તે નમું રે—એ દેશી.

કાયારૂપ એ કુતરી, નભથી ઊતરીરે,
વિણસંતા નહિંવાર. ॥ ખાત્રીમત કરોરે. ॥ ૧ ॥
સોલ શણગાર સજી સુંદરી, રૂપ સુદરીરે;
નખરાબાજી નાર. ॥ ખા૦ ॥ ૨ ॥
મગર પચીશી યોવના, મન મોહનારે,
અપસરાને અવતાર. ॥ ખા૦ ॥ ૩ ॥
પહેલવાન જે આદમી, મહા પરાક્રમીરે,
કનૈયા કાન કુમાર. ॥ ખા૦ ॥ ૪ ॥

એવા પણ ઉઠી ગયા, ગેબ થઇ ગયારે,
કોઇ નહીં રહેનાર. ॥ ખા૦ ॥ ૫ ॥
ક્ષણ ભંગુર આ દેહડી, જાય સડી પડીરે,
શો જૂઠો અભિમાન. ॥ ખા૦ ॥ ૬ ॥
કાયા માયા કારમી, થાય ધમાધમીરે,
ચય અપચય પરિણામ. ॥ ખા૦ ॥ ૭ ॥
આરિસે મુખ નિરખીને, હૈડે હરખીનેરે,
શું મકલાયે મૂઢ. ॥ ખા૦ ॥ ૮ ॥
માથે બાધે પાઘડી, જાય ગડબડીરે,
દેહનો નહિં ઇતબાર. ॥ ખા૦ ॥ ૯ ॥
એક આવે એક થાય છે, બીજા જાય છે રે,
આ ધરની એ રીત. ॥ ખા૦ ॥ ૧૦ ॥
ફેશનની ફિશીઆરીમા, ફશેયારીમાંરે,
નવલશા હીરજી જેમ. ॥ ખા૦ ॥ ૧૧ ॥
ક્ષણ ક્ષણમાં ક્ષય થાય છે, ઉડી જાય છે રે,
મશાણે ઉડે રાખ. ॥ ખા૦ ॥ ૧૨ ॥
ખાઈ ખાઇને ખાય છે. ખાલી થાય છે રે,
પેટ છે ભૂખ ભંડાર. ॥ ખા૦ ॥ ૧૩ ॥
નિત્ય મિત્ર પર્વમિત્ર છે, તાલી મિત્ર છે રે,
પરીક્ષાથી વિશ્વાસ. ॥ ખા૦ ॥ ૧૪ ॥
ધર્મ રત્ન તાળી મિત્ર છે, સુપવિત્ર છે રે,
ખાત્રીદાર હમેશ. ॥ ખા૦ ॥ ૧૫ ॥

નરદેહની આવશ્યકતા વિષે સજઝાય.

તિરથ તેમ મુંરે—એ દેશી.

પામ્યો નરતનુ સુરતરૂ, શિવસુખ તરૂરે,
શિવ સંપત્તિ દાતાર. ॥ કાયા કિમતીએ. ॥ ૧
અનંતર કારણ મુક્તિનું, ભુક્તિ મુક્તિનુ રે,
જ્ઞાનિએ ભાખ્યો દેહ ॥ કાયા૦ ॥ ૨
સાઉચ્ચનર સુર ગઇ વન્નનાં, કૃત પુન્યનાંરે,
ફલ પરિપાક વિશેષ. ॥ કાયા૦ ॥ ૩
તિર્થંકરનામ કર્મનો, શિવશર્મનો રે,
પ્રબલ પુન્યાણુધિ દેહ. ॥ કાયા૦ ॥ ૪
ભવજલ સાગર તારવા, દુ:ખ વિદારવા રે,
નરતનુ નૌકાસાર. ॥ કાયા૦ ॥ ૫
દેહરૂપી બન્યો દેહરો, ગુણ સેહરોરે,
જીવરૂપી રહે દેવ. ॥ કાયા૦ ॥ ૬
આત્મ ઇંદ્ર રમવા તણો, બગીચો બન્યો રે,
નરતનુ નંદન જેમ. ॥ કાયા૦ ॥ ૭
કાયા અમૃત વેલડી, રસ સેલડી રે,
પામ્યો પુન્ય સયોગ. ॥ કાયા૦ ॥ ૮
મુક્તિ નગરનુ બારણું, ગ્રંથમાં ગણ્યું રે,
એકજ આ નરદેહ. ॥ કાયા૦ ॥ ૯
દશ દષ્ટાં તે દોહીલો, ભવમાં મિલ્યો રે,
ભિમદો આ નરદેહ. ॥ કાયા૦ ॥ ૧૦
મહા પુરૂષનું મકાન છે, શિવ સોપાન છેરે,
મોક્ષનું પહેલું અંગ. ॥ કાયા૦ ॥ ૧૧

કેવળ જ્ઞાનનું ગેહ છે, નરદેહ છે રે,
બાવન લબ્ધિનું પાત્ર. ॥ કાયા૦ ॥ ૧૨
અમેરિકન એક ડાકતરે, કિમ્મત કરે રે,
એંસી હજાર પાઉંડ. ॥ કાયા૦ ॥ ૧૩
તત્વ વિજ્ઞાની ડાક્તરો, કરે અખતરોને,
અજબ બન્યો એ દેહ. ॥ કાયા૦ ॥ ૧૪
દેવતાઓ દેવ લોકના, કરે ચાહનારે,
કયારે મળે નર દેહ. ॥ કાયા૦ ॥ ૧૫
ઉર્વરા સરખી નરતનું, વાકય વીરનુ રે,
ઠાણાંગ સૂત્રે પ્રસિદ્ધ. ॥ કાયા૦ ॥ ૧૬
જીવા યોનિ ચોરાશીમાં, ભવરાશિમાં રે,
ચરમશરીર એ દેહ. ॥ કાયા૦ ॥ ૧૭
ત્રેવીશ દંડકે નહીં મળે, તે ઇહાં મળે રે,
નરદેહથી નિર્વાણ. ॥ કાયા૦ ॥ ૧૮
અરિહંતનુ રહેઠાણ છે, રામબાણ છેરે;
આચારજ ઉવજ્ઝાય. ॥ કાયા૦ ॥ ૧૯ ॥
સાધુ જ્ઞામને દરિશણ, ચારિત્ર તપ ગુણરે,
નવપદપાત્ર શરીર. ॥ કાયા૦ ॥ ૨૦ ॥
વૈક્રિયથી અધિકું કહ્યું, ઔદારિક લહ્યુરે:
ધર્મરત્ન પદ પાત્ર. ॥ કાયા૦ ॥ ૨૧ ॥

મુનિ ગુણ સજ્ઝાય.

અહો અહો સાધુજી સમતા વરીઆ, ચરણ કરણ ગુણ ભરીયારે.
આગમ વચન સદા અનુસરીયા,જ્ઞાન ક્રિયાનાં દરિયારે. ॥ અહો૦ ॥૧॥

દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવ પિછાણે,જૂઠ ડફાણુ ન તાણેરે; ॥
વીરવચન રસ સરસ વખાણે,નિત ચડતે ગુણ ઠાણેરે. ॥ અહો૦ ॥૨॥
વિકથા સોળ દૂર નિવારે, ગૃહસ્થ પરિચય વારેરે;
જળપંકજવત્ લેપ નિવારે,આપ તરે અન્ય તારેરે. ॥ અહો૦ ॥૩॥
પૂર્વ પુરૂષની ભાવના ભાવે, અનુયોગ સરસ લગાવેરે;
વાચાજ્ઞાનમાં મોહી ન જાવે,સ્પર્શજ્ઞાન દિલ ધ્યાવેરે. ॥ અહો૦ ॥૪॥
આવસ્યક પડિલેહણા કરતા,આહાર દોષ પરિહરતારે;
બેશી એકાંતે નીજ હિત કરતા,દિક્ષા દિન અનુસરતારે. ॥ અહો૦ ॥૫॥
આગમ આગળ કરીને ચાલે, ખડ્ગધારાવ્રત પાલેરે;
પાસત્થાના દુષણ ટાળે, વીર વચન અજવાળેરે. ॥ અહો૦ ॥૬॥
ગાડરીઆ પ્રવાહ ન બાંધે,નિજ પરહિત નિત સાધેરે;
તેલ ધારાવત્ વ્રત આરાધે, માનવ ભવન વિરાધેમે ॥ અહો૦ ॥ ૭ ॥
વસ્ત્ર પાત્ર ઉપધી ન વધારે, નવી દુકાન ન ધારેરે.
વ્યુદ્ગ્રાહિતનો સંગ નિવારે, વીર શાસન વિસ્તારેરે. ॥અહો૦ ॥ ૮ ॥
યથા વિધિ પાળે મુનિ ચરિયા, સૂરાસિંહ કેશરિયારે.
ત્રણ જગતના નાથ પીહરિયાં, ધર્મરત્ન પદ વરિયારે ॥ અહો૦ ॥૯॥

છાશ ન વેચવા માટે સવૈયો.

પેહેલી પાડોશીની આશ, બીજી તો મેમાન આશ;
ત્રીજી મુસાફર આશ જરૂર જણાય છે.
ચોથી સાધુસંત આશ, પાંચમી ભીક્ષુક આશ;
ગાય વાછડાની આશ છઠી સમજાય છે;
છની આશ માટે છાશ, શબ્દ બન્યો અર્થ વાળો;

માટે છાશ વેચનારા પ્રાણી, મોટી ભૂલ ખાય છે;
ધર્મરત્ન કહે એમ છ જણાની આશ તોડી
છાશની કફોડી સ્થિતી હાથથી કરાય છે. ૧

શુધિપત્રક.

પૃષ્ટ	૨૯	પંક્તિ	૨	સવત સતર પુસ્તાલી વર્ષે
પૃષ્ટ	૨૬	પંક્તિ	૨૧	આબિલનાં પરિણામથી

ખાસ વાંચવા વિચારવા અને મનન કરવા લાયક
જૈન ધુરંધર મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો.

૧ શ્રી આનંદ મંદીર યાને શ્રી ચંદ્ર કુમાર
આવૃતિ બીજી .. ..કિં. રૂ. ૧-૪-૦

૨ શ્રી અભયકુમાર ચરિત્ર ...કિં. રૂ. ૧—૪-૦

૩ શ્રી ઉત્તમ કુમાર ચરિત્ર આ અદ્ભૂત કથાની યોજના ઉત્તમ કુમારના રાસ ઉપરથી કરવામાં આવી છે. ... ...કિં. રૂ. ૦-૧૦-૦

૪ શ્રી જૈન ઇતિહાસ ... ...કિં. રૂ. ૦-૧૦-૦

૫ દાનવીર રત્નપાળ રત્નપાળ વ્યવહારીઆના રાસ ઉપરથી રચેલું આ પુસ્તક ઘણું રસિક અને ચમત્કારી છે. ... ...કિં. રૂ. ૦-૧૨-૦

૬ ધના ચરિત્ર ધના શાલીભદ્રથી કોણ અજાણ્યું છે? આ નવલકથાના રૂપમાં રાસ ઉપરથી કરેલ છે.
...કિં. રૂ. ૦—૩-૦

પુણ્ય પ્રભાવ.

૭ (ભાગ ૧-૨) આ ગ્રંથ કોઈ નવીન કલ્પનારૂપે નથી પણ જાણીતા "સમરાદિત્યના રાસ" નું જમાનાને અનુસરતું એક આકર્ષક અવતરણ છે. આ કથામાં વૈરાગ્ય અને કરૂણારસને એવો તો ફતેહમંદ રીતે પોષવામાં આવ્યો છે કે એની બરાબરીમાં આજ સુધીમાં કોઈ ગ્રંથને મુકી શકાયોજ નથી. દરેક ભાગની ...કિં. રૂ. ૧—૦-૦

૮ પ્રદ્યુમ્ન ચરિત્ર—ભાગ ૧-૨ ...કિં. રૂ. ૧—૧-૦

૯ પાંડવ પ્રબોધ—ભારત વર્ષમાં પ્રખ્યાતિ પામેલ પાંડવો અને કૌરવોના ચરિત્રનો આ ઉત્તમ ગ્રંથ આદિથી અંત સૂધી વાંચવા ભલામણ કરીએ છીએ કિં રૂ ૧-૮-૦

૧૦ ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર કિં રૂ ૯—૦-૦

૧૧ ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ થી ૫. કિં રૂ ૮—૮-૦

મેસર્સ મેઘજી હીરજીની કું૦

જૈન બુકસેલર્સ અને પબ્લીશર્સ.

પાયધુની, મુંબઈ.